# કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ

## રજૂ કરવાની રીત

**અધ્યક્શ્રી:–** હું કામકાજ સલાહકાર સમિતિનો **ચોથો** અહેવાલ રજૂ કરું છું.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક બુધવાર, તા.૩૧મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** ગુરુવાર, તા.૦૧/૦૨/૨૦૨૪ના રોજ સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૨૪ના ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકની ચર્ચા હાથ ધરવી.

**૨.** તા. ૩, ૧૦ અને ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ને શનિવારના રોજ સભાગૃહની રાખેલ બેઠક રદ કરવામાં આવે. શનિવાર, તા.૦૩/૦૨/૨૦૨૩ના રોજનું સરકારી કામકાજ રદ કરવું અને સદરહુ દિવસની પ્રશ્નોતરી મંગળવાર, તા.૦૬/૦૨/૨૦૨૪ની પ્રથમ બેઠકમાં હાથ ધરવી.

**૩.** સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ) મુજબ તા.૧૩ અને ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ને મંગળવારના રોજ સભાગૃહની બે બેઠકો રાખવી તેમજ મંગળવાર, તા.૧૩/૦૨/૨૦૨૪ની પ્રથમ બેઠકમાં શનિવાર, તા.૧૦/૦૨/૨૦૨૪નું અને મંગળવાર, તા.૨૦/૦૨/૨૦૨૪ની પ્રથમ બેઠકમાં શનિવાર, તા.૧૭/૦૨/૨૦૨૪નું પ્રશ્નોત્તરી સહિતનું કામકાજ હાથ ધરવું.

**૪.** સોમવાર, તા.૦૫/૦૨/૨૦૨૪ના રોજ રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચા પહેલાં અયોધ્યા ખાતે રામમંદિર નિર્માણ અને રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન કરવા બદલ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપતો માનનીય મુખ્યમંત્રીશ્રીનો નિયમ-૧૨૦ હેઠળનો સરકારી સંકલ્પ વિચારણા માટે હાથ ધરવો અને તેને ૯૦ મિનિટનો સમય ફાળવવો તથા તે દિવસે ગૃહની બેઠકનો સમય ૯૦ મિનિટ લંબાવવો.

**૫.** બુધવાર, તા.૦૭/૦૨/૨૦૨૪ના રોજ શાળાકીય શિક્ષણના ધોરણ ૬ થી ૧૨ના અભ્યાસક્રમમાં "ગીતાસાર" નો સમાવેશ કરવા રાજ્ય સરકારને જરૂરી તમામ પગલાં ભરવા અનુરોધ કરતો નિયમ-૧૨૦ હેઠળનો માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાનો સરકારી સંકલ્પ વિચારણા માટે હાથ ધરવો અને તેને ૯૦ મિનિટનો સમય ફાળવવો તથા તે દિવસે ગૃહની બેઠકનો સમય ૯૦ મિનિટ લંબાવવો.

**૬.** શુક્રવાર, તા.૧૬/૦૨/૨૦૨૪ના રોજ સભાગૃહની બેઠકનો સમય સવારના ૧૦ ને બદલે સવારના ૮-૩૦ વાગ્યાનો રાખવો.

**NEXT**